सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૭ | જુલાઈ -૨૦૦૭ | અંક - ૧

## વાલીઓને.......

આજે મોટાભાગનાં વાલીઓ પરીક્ષાને એટલું બધુ મહત્ત્વ આપે છે કે બાળકનો જે સાહજીક અને બહુમુખી વિકાસ થવો જોઈએ તે થઈ શકતો નથી.

ગુણ મેળવવા ગોખણપટ્ટીને વધુ મહત્ત્વ અપાય છે. તૈયાર જવાબો ગાઈડમાંથી મળે અથવા શિક્ષક લખાવી દે તેવી અપેક્ષા ઉભી થાય છે. વિદ્યાર્થી પણ આ તૈયાર જવાબોને વધારે પસંદ કરે છે અને તે તેમને માટે તો સ્વાભાવિક છે પરંતુ આમ કરવાથી તેની સંશોધનાત્મક શક્તિનો વિકાસ અટકી જાય છે. ફાસ્ટફૂડ સ્વાદ આપે, ખાવા ગમે છે પણ આ પ્રકારનો ખોરાક આરોગ્ય નથી આપી શકતો. આરોગ્ય માટે તો પૌષ્ટિક ખોરાક જ જોઈએ.

પરીક્ષાના ગુણને વાલીઓ જે મહત્ત્વ આપે છે તેનો અતિરેક જ જણાઈ આવે છે જ્યારે એકાદ બે ગુણ માટે પણ તેઓ રકઝક કરતા હોય છે. પરીક્ષામાં અનેક પ્રશ્નો બીનહેતુલક્ષી પણ હોય છે. અને આવા પ્રશ્નોનાં જવાબોમાં સબ્જેકટીવીટી આવે તે સ્વાભાવિક છે કારણકે અંતે તો તેનું મૂલ્યાંકન માણસ જ કરતો હોય છે અને મૂલ્યાંકનનો તફાવત થતો રહે છે. ગોખણપટ્ટી ગુણ લાવી શકે છે પણ થોડા સમય પછી જ્ઞાનનું બાષ્પીભવન થઈ જતું હોય છે. તેનું જ્ઞાન "ટકાઉ" બનતું નથી. શાળાકીય અભ્યાસક્રમની સાથે સાથે વિદ્યાર્થી ઈતર ક્ષેત્રમાં પણ રસ લે તેવા કાર્યક્રમો યોજવા આયોજન કરવું જોઈએ. આજે જે સ્થાન ભૂતકાળમાં પુસ્તકનું હતું તેનું સ્થાન આધુનિક ટેકનોલોજીએ લીધું છે. પરીણામે જ્ઞાનનો વિસ્ફોટ થયો છે. આધુનિક વિશ્વમાં વિદ્યાર્થીએ આ પરિસ્થિતિમાં રહેવાનું છે અને આ વિસ્ફોટનો સામનો કરવાનો છે, સ્પર્ધા કરવાની છે. આ માટે બાળક તૈયાર થાય તે સૌ વાલીઓએ જોવું રહયું.

વિદ્યાર્થીના વિચારો મૌલિક બને, તેની સંશોધનવૃત્તિનો વિકાસ થાય, સતત નવું જાણવાની તેને ઉત્કંઠા રહે તે ખૂબ જરૂરી છે. આ સંદર્ભમાં તાજેતરમાં નિરમા યુનિવર્સિટીનાં કુલપતિ શ્રી એન વી. વસાણીએ જણાવ્યું છે તેનો સંદર્ભ આપુ છું.

"આજના વિશ્વમાં નેતૃત્વ હાંસલ કરવું હોય તો ત્રણ "ટી" વિશે પ્રયત્નશીલ થવું પડશે. ટેકનોલોજી, ટેલન્ટ અને ટોલરન્સ. આધુનિક વિશ્વમાં જે ટેકનોલોજી વધી છે તેના લીધે દુનિયા નાની બની છે. ટેલન્ટ વડે સ્પર્ધા કરવાની અને ટોલરન્સ એટલે કે નવા વિચાર અપનાવવાની ક્ષમતા વિકસાવવાની છે." વિદ્યાર્થીનાં વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસ માટે આ જરૂરી છે તે સમજવું રહ્યું.

દિનુભાઈ દવે
ના વંદન

## સ્મૃતિચિત્રો

આજથી ૪૫ વર્ષ પહેલાની વાત છે. પ્રથમ માળ ઉપર આવેલા વર્ગમાં હું પીરીયડ લેવા જતો હતો ત્યારે મેં જોયું કે એક વિદ્યાર્થી સીડી ચડીને અગાશીમાં ગયો. પીરીયડ ચાલુ થયો હોઈ કોઈ વિદ્યાર્થી અત્યારે અગાશીમાં શા માટે જાય છે તે જાણવાનું કૌતુક મને થયું એટલે હું અગાશીમાં ગયો.

મારા આશ્ચર્ય વચ્ચે ત્યાં કોઈ મને દેખાયું નહિ, મને ખાત્રી હતી કે એક વિદ્યાર્થીને મેં સીડી ચઢતો જોયો જ છે અને તે મારો ભ્રમ ન હતો એટલે તપાસ કરી તો અગાશીની બહાર જોતાં વેધર શેડ ઉપર એક છોકરો બેસીને એક સામાયિક વાંચતો હતો. જો બૂમ પાડું તો કદાચ તે ચમકીને નીચે પડે તે બીકે મેં અગાસીમાં થોડો અવાજ કર્યો એટલે તે જોવા તે ઉભો થયો. તેણે મને જોયો, તેને મેં સ્વસ્થતાથી પૂછયું, 'અત્યારે તું શું વાંચે છે ?' તેણે કહ્યું, 'એક અઠવાડીક વાંચવામાં મને રસ છે અને તે નીચેની લાઈબ્રેરીમાંથી લઈને હું વાંચું છું.'

મેં તેને ઉપર બોલાવ્યો અને પૂછયું કે અત્યારે શા માટે વાંચે છે ? તો તેણે કહયું કે મને ઘરે અન્ય કંઈ વાંચવા દેતા નથી. ઘરકામ અને શાળાનું જ વાંચવાનું , તેવું જણાવે છે. પણ મને આ બધું વાંચવું ગમે છે એટલે વાંચું છું. મને તેની વાતથી આનંદ થયો કે તેને વાંચવામાં રસ છે પણ તે વાતથી દુ:ખ થયું કે તેના વડીલો તેને આવુ ઈતરવાંચન કરે તેને પસંદ કરતા નથી. મેં તેને સમજાવ્યો કે વર્ગ છોડીને ન વાંચવું. એને ધરપત આપી કે આ માટે મારાથી જે થઈ શકે તે કરવા હું મદદરૂપ બનીશ.

વાત અગાઉ જણાવ્યું તેમ ૪૫ વર્ષ પહેલાની છે. તે વિદ્યાર્થીની ઉજ્જવળ કારકિર્દી હું જાણું છું. એક ખ્યાતનામ કોલેજમાં તે સફળ અધ્યાપક તો રહયો જ છે પણ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પણ તેમણે ખૂબ સફળતા પ્રાપ્ત કરી છે. તેના વ્યક્તિત્વનો આવો વિકાસ તેનાં વાંચનના શોખને કારણે થયો છે એમ હું ચોક્કસપણે માનું છું. આજે જ્યારે વિદ્યાર્થીઓમાં વાંચન અંગેનું કોઈ વાતાવરણ જ રહયું નથી ત્યારે આ કિસ્સો સ્હેજે યાદ આવી જાય છે.

દિનુભાઈ દવે

## મહેતા રવિશ સુરેશભાઈ અમદાવાદ કેન્દ્રમાં પ્રથમ સ્થાને

ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં આ શાળાના વિદ્યાર્થી **મહેતા રવિશ સુરેશભાઈ** ૭૦૦માંથી ૬૩૧ ગુણ મેળવીને અમદાવાદ કેન્દ્રમાં આઠમા સ્થાને આવ્યા હતા પરંતુ ગુણ ચકાસણી કરતાં તેમનાં ગુણમાં ૯ નો ઉમેરો થતાં હવે તેઓ ૬૪૦ ગુણ મેળવતાં હોઈ અમદાવાદ કેન્દ્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે છે. અને બોર્ડમાં પણ ચોથું સ્થાન પ્રાપ્ત કરે છે. ભાઈ રવિશને ખૂબ ધન્યવાદ. સંસ્થા તે માટે ગૌરવ અનુભવે છે.

## 'બેન ! મને લેવા કોઈ નથી આવ્યું '

"બેન ! મારે ઘેર ફોન કરો ને ! હજી કોઈ મને લેવા નથી આવ્યું.." નાનકડી નંદિતા ગભરાતી ગભરાતી ડૂસકા ભરતી મારી ઓફિસમાં આવી. હું તો હજી બધું સમેટીને ઓફિસ બંધ કરવાની જ તૈયારી કરી રહી હતી. ત્યાં તો એના ડૂસકા સાંભળ્યાં ને હું ચમકી... 'અરે ! કેમ આજે એવું થયું ? રોજ તું કોની સાથે જાય છે ?'

'બેન ! મારા રીક્ષાવાળા તો આવ્યા હતાં પણ મને મૂકીને જતાં રહ્યાં' ને ફરી પાછી એ જોરશોરથી રડવા લાગી.. માંડ માંડ શાંત કરી ત્યારે તેણે વાત કરી કે સવારે તે મોડી તૈયાર થઈ હતી એટલે રીક્ષામાં આવી ન હતી, એના પપ્પા એને મૂકી ગયા હતાં, એટલે રીક્ષાવાળાને ય કયાંથી ખબર હોય કે નંદિતા સ્કુલે આવી હશે ! પછી એ કયાંથી એને લેવા રોકાય ! પણ પપ્પા પાછળથી મૂકી ગયા હોય તો મમ્મીએ કે પપ્પાએ રીક્ષાવાળાને ગમે તેમ કરીને સમાચાર પહોંચાડવા પડે કે 'નંદિતાને લઈને આવજો.' અથવા તો એ દિવસે એમણે સમયસર લેવા પહોંચી જવું જોઈએ. નાનકડી નંદિતાને એવી પણ સમજ કયાંથી પડે કે એની રીક્ષામાં જતાં બીજા બાળકો સાથે જઈને ઉભી રહી જાય ! અને પછી બધાં જ બાળકો જતાં રહે ત્યાં સુધી એ અનિશ્ચિતતામાં અટવાતી ઝાંપા પાસે નિરાધાર બની ઉભી ઉભી રડતી હોય.. 'હમણાં મમ્મી આવશે કે રીક્ષાવાળા ભાઈ આવશે ! બાળકની આવા પ્રસંગે જે મનોસ્થિતિ હોય છે તે અત્યંત દયાજનક હોય છે. આખી ય સ્કૂલ ખાલી થઈ જાય ત્યાં સુધી બિચારી મૂંઝાયા કરે ને રડયાં કરે... ઓફિસમાં આવે ને ફોન કરીએ તો સામેથી મમ્મી કે પપ્પા પૂછે 'કેમ ? રીક્ષાવાળો લેવા નથી આવ્યો ?..'

'ભાઈ ! તમારો રીક્ષાવાળો નથી આવ્યો ત્યારે તો ફોન કર્યો છે, છોકરું બિચારું રડે છે ત્યારે તમે આવું કયાં પૂછો છો ? જલ્દી આવી જાવ ને ! ' મારે કહેવું પડે...

અરે ! કાલે તો ઓફિસ વાસીને નીકળ્યાં ને બાર-તેર છોકરાઓનું ટોળું...'રીક્ષાવાળાભાઈ કહી ગયા છે, 'ઉભા રહેજો બીજા ફેરામાં લઈ જાઉં છું' કહેતું આવ્યું. પાંચ વાગે સ્કૂલ છૂટે, પોણા છ વાગ્યા સુધી એ છોકરાઓને લેવા ન આવ્યાં હોય, આ છોકરાઓની જવાબદારી કોને માથે ? આજકાલ સમય ખૂબ ખરાબ છે. રોજેરોજ વર્તમાનપત્રોમાં આઘાતજનક સમાચારો આપણે વાંચીએ છીએ. કયાંક બાળકનું અપહરણ થાય છે તો કયાંક બાળક પર અત્યાચાર, સ્કૂલ છૂટયાં પછી વીસેક મીનીટમાં તો બાળકો શાળામાંથી વાલીએ લઈ જવાની વ્યવસ્થા કરી જ લેવી પડે... આવા બેજવાબદાર રીક્ષાવાળા, વાનવાળાઓને આપણા બાળકો સોંપીને આપણે નિશ્ચિંત કેવી રીતે બની શકીએ ! એટલું જ નહીં પણ આ વાનવાળા કે રીક્ષાવાળા પાસે મોબાઈલ હોવા પણ જરૂરી છે. રસ્તામાં કયાંક મોડું થાય એવું હોય તો એણે જવાબદારીપૂર્વક સ્કૂલમાં કે વાલીઓને ખબર આપવી જોઈએ કે બાળકને લઈ જવાની વ્યવસ્થા ગોઠવાઈ શકે. શાળાની ઓફિસ બંધ થયા પછી ફરી લગભગ તેર બાળકોને ઘેર ફોન કરવા પડે એ કંઈ સહેલું કામ નથી.

આ વ્યવસ્થા બહુ વિચાર માંગી લે છે. (૧) જવાબદાર હોય તેવા જ વાનવાળા કે રીક્ષાવાળાને આ કામ સોંપાય એ ઈચ્છવા યોગ્ય છે. (૨) જેને બાળક સોંપાય તેનો મોબાઈલ નંબર વાલી પાસે અને બાળક પાસે અવશ્ય હોવો જ જોઈએ.(૩) અસાધારણ સંજોગો ઉભા થતાં વાલીએ ખૂબ જવાબદારીપૂર્વક શાળા છૂટવાના સમયની પાંચ મિનિટ પહેલા બાળકને લેવા હાજર થઈ જ જવું જોઈએ. (૪) વાલી અને વાન કે રીક્ષાવાળાએ અરસપરસ બાળકની વ્યવસ્થા બદલાઈ હોય તો માહિતી અચૂક આપવી જ જોઈએ. (૫) બાળકની દરેક નોટમાં ઘરનું સરનામું ફોન નંબર અને વાન કે રીક્ષાવાળાનો મોબાઈલ નંબર અચૂક આપવા જ. નોટ બદલાતા નામ ને ધોરણ સાથે એ અવશ્ય લખવા. શકય હોય ત્યાં સુધી મૌખિક રીતે તાત્કાલિક તે કહી શકે તો સારું, એવું તેને તૈયાર કરવું.

આપણું બાળક એ આપણી બહુ મોટી જવાબદારી છે એ તરફ સહેજે ય ઉદાસીનતા કેમ સેવાય !

**ઊર્મિલા શાહ**

## સંસ્થાનું ગૌરવ

બેન **પારૂલ જયકૃષ્ણ** (પારૂલ જયંતિલાલ શાહ) આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની છે અને ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખપદે તેમની નિમણૂંક થઈ છે આ માટે તેમને અભિનંદન પાઠવતા સંસ્થા આનંદ અનુભવે છે. બેન પારૂલ અત્યંત તેજસ્વી વિદ્યાર્થિની હતા. અને શાળાની ઈતરપ્રવૃત્તિઓમાં અગ્રગણ્ય સ્થાન મેળવતા.

ભાઈ **ડિમ્પલ પારેખ** આ સંસ્થાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા અને આજે Knee Replacement માટે તેમની નામના છે એટલું જ નહીં પણ તાજેતરમાં એક અત્યંત નીચી ઉંચાઈના બેન માટે Knee Replacement શકય ન હતો ત્યારે તેમણે કોમ્પ્યુટરથી તેમના જોઈન્ટમાં જરૂરી ફેરફાર કરી સફળતાપૂર્વક તેનું ઓપરેશન કર્યું. અમદાવાદની પારેખ હોસ્પીટલનું નામ તેમણે સમગ્ર ભારતમાં ઉજાળ્યું છે.

ભાઈ **સુનીલ તલાટી** આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને ઈન્ડીયન એસોસીએશન ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટમાં તેઓ ચેરમેન બન્યા છે. સંસ્થા આ બદલ તેમને અભિનંદન પાઠવે છે અને ગૌરવ અનુભવે છે.

શારદામંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ **દર્શન દવે**ને ૨૦૦૫-૨૦૦૬નો શ્રેષ્ઠ છબીકલા માટેનો ફીલ્મ એવોર્ડ મળ્યો છે તે બદલ અભિનંદન. સંસ્થા તે માટે ગૌરવ અનુભવે છે. ભાઈ દર્શન દવેએ છબીકલા માટે ડીપ્લોમા ભારતની જાણીતી સંસ્થા પૂના ફીલ્મ એન્ડ ટેલીવીઝન ઈન્સ્ટીટયુટમાંથી લીધો છે. તેઓ સંસ્થાના પ્રથમ ગુજરાતી છબીકાર બન્યા છે.

શારદામંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થી **ઋષિ ઘડાવાલા** એસ.વી.આઈ.ટી. એરોનોટીકલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરે છે. તે પાયલટ લાયસન્સ ધરાવે છે. સતત એરોનોટીકસ રીસર્ચ કરતોરહે છે. તેણે જોયું કે યુ.એસ.એ., રશિયા, ફ્રાન્સ જેવા દેશોએ સોલર પાવર એરક્રાફટ માટે ૧૯૮૧થી કામ શરૂ કર્યું છે પણ ભારત તેમાં ઘણુ પાછળ છે. સોલર પાવર એરક્રાફટને લોન્ચ કરવાના પ્રોજેકટમાં ભારતનું કોઈ જ યોગદાન નથી. દેશ માટે કંઈક કરવાની તેને ધગશ છે. તે ઈન્ડીયાના એસ્ટ્રોનોટ તરીકે સ્પેસમાં જવા ઈચ્છે છે. તાજેતરમાં તેણે કોમર્શીયલ ગ્લાઈડર પણ બનાવ્યું છે. ઋષિ સિવિલ ડિફેન્સમાં વોર્ડન છે. સ્પેસ શટલનાં સેમિનાર કરે છે. જ્યારે તેમણે સોલર એરકાફટ બનાવવાનાં પ્લાન રાષ્ટ્રપતિ અબ્દુલ કલામની આગળ રજૂ કર્યા ત્યારે રાષ્ટ્રપતિજીએ કહ્યું હતું કે 'આજથી હું તારા સોલર પાવર એરક્રાફટનો સપોર્ટર બનીશ.' ૧૫મી ફેબ્રુઆરી ૨૦૦૭નાં રોજ તેમની રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ સાથે મુલાકાત યોજાઈ હતી. સંસ્થા તે માટે ગૌરવ અનુભવે છે.

ધો.૧૨માં સાયન્સમાં અમદાવાદનાં તેજસ્વી તારલાઓનું સન્માન વિરમગામ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય અતિથિ તરીકે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી શિક્ષણમંત્રીશ્રી આનંદીબેન પટેલ તથા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને જસુમતીબેન કોરાટેએ હાજરી આપી હતી. જેમાં **શાહ કક્ષા ભગીરથભાઈ**ને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે શાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું હતું. સંસ્થા તે માટે ગૌરવ અનુભવે છે.

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

૧૧ જૂન ૨૦૦૭ને સોમવારથી બાલમંદિરનું નવું સત્ર શરૂ થયું. ઉનાળાની લાંબી રજાઓની મઝા માણી બાળકો ફરી પાછાં તાજામાજા થઈને હોંશભેર શાળામાં આવી ગયા. ગયે વર્ષે બાલવાડીમાં હતાં તે બાળકો તો બાલમંદિરનાં વાતાવરણથી પરિચિત જ હતાં તેથી પ્રથમ દિવસથી જ નવા શિક્ષક ભાઈબહેનો સાથે એકદમ હળી મળી ગયા.

વર્ષની શરૂઆતમાં બાળકોને બાલમંદિરમાં,કેવી રીતે પાણી બગાડયા કે ઢોળ્યા વિના પાણી પીવું, ધક્કામૂકી કર્યા વીના વ્યવસ્થિત રીતે લાઈનમાં કેવી રીતે ચાલવું, બૂટ ચંપલ તેના નિયત સ્થાને જ મૂકવા, પ્રાર્થના કર્યા પછી જ નાસ્તો કરવો, પ્રાર્થના કરતાં આંખો બંધ કરી હાથ જોડવા, વિ. ઘણી જરૂરી એવી સામાન્ય સમજ આપી.

બાળકોને સંગીત ખૂબ ગમે છે. સંગીતથી બાળક બાલમંદિરના વાતાવરણમાં સારું ગોઠવાય છે તેનું મન પ્રસન્નતા અનુભવે છે. હમણાં તો વરસાદનાં ગીતો ગાવાની ખૂબ મઝા પડે છે.

૨૧મી જૂનને ગુરૂવારથી બાલવાડીમાં નાના ભૂલકાઓનું આગમન થયું. બાલમંદિરના પટાંગણમાં આવેલા ઘટાદાર વૃક્ષો ફૂલ છોડ અને ક્રિડાંગણમાં લપસણા, હિંચકા ચગડોળ વિગેરે જોઈને બાળકો ખુશખુશાલ થઈ ગયા અને આનંદભેર નવા વાતાવરણમાં ભળી ગયા. બાળકોને વાર્તા સાંભળવી ખૂબ ગમે છે. જોડકણાં ગાવા ખૂબ ગમે છે.

### શિશુમંદિર

તા.૪-૭-૦૭ના રોજ ધો.૫,૬,૭ના મહામંત્રી, ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ. જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા છે.

| | | |
|---|---|---|
| મહામંત્રી | ભાઈઓ | માનુષ પટેલ |
| | બહેનો | હેલી સોપારકર |
| ઉપમંત્રી | ભાઈઓ | સાહિલ ઠક્કર |
| | બહેનો | ખુશ્બુ દેસાઈ |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| ધવલગિરિ | (ભાઈઓ) | નેતા | ધ્રુવિન ભટ્ટ |
| | | ઉપનેતા | સૌમિલ દેસાઈ |
| | (બહેનો) | નેતા | ભૂમિ શાહ |
| | | ઉપનેતા | શિમોલી મહેતા |
| મેઘનાદ | (ભાઈઓ) | નેતા | અક્ષય દવે |
| | | ઉપનેતા | હર્ષાંગ શાહ |
| | (બહેનો) | નેતા | રાધિકા ભગત |
| | | ઉપનેતા | સૃષ્ટિ શાહ |
| રત્નદીપ | (ભાઈઓ) | નેતા | કશિશ દેસાઈ |
| | | ઉપનેતા | આયુષ શાહ |
| | (બહેનો) | નેતા | નિધિ પટેલ |
| | | ઉપનેતા | સંજના મોદી |
| ગંગોત્રી | (ભાઈઓ) | નેતા | વરુણ રાવલ |
| | | ઉપનેતા | અલય શાહ |
| | (બહેનો) | નેતા | પૂર્વા ગઢિયા |
| | | ઉપનેતા | આંગી શાહ |

### વિનયમંદિર

ધો.૮,૯,૧૦ના મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ. જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | રાહિલ જાની |
| | (બહેનો) | પરીશા દલાલ |
| ઉપમંત્રી | (ભાઈઓ) | હર્ષિલ શાહ |
| | (બહેનો) | વિધિ ત્રિવેદી |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| મેઘદૂત | (ભાઈઓ) | નેતા | હસ બોડીવાલા |
| | | ઉપનેતા | મિસાલ પટેલ |
| | (બહેનો) | નેતા | વિધિ વોરા |
| | | ઉપનેતા | શૈલી શાહ |
| ગીતગોવિંદ | (ભાઈઓ) | નેતા | પૌરીન શાહ |
| | | ઉપનેતા | નિસર્ગ શાહ |
| | (બહેનો) | નેતા | પલક મહેતા |
| | | ઉપનેતા | પ્રિયંકા ઠાકર |
| પદ્મપુકુર | (ભાઈઓ) | નેતા | દિવ્યરાજ ઝાલા |
| | | ઉપનેતા | ધ્રુમિલ શાહ |
| | (બહેનો) | નેતા | સંજના દોશી |
| | | ઉપનેતા | લાગણી વ્યાસ |
| ચંદ્રમૌલિ | (ભાઈઓ) | નેતા | સેતુ પટેલ |
| | | ઉપનેતા | સ્મિત ભટ્ટ |
| | (બહેનો) | નેતા | આયુષી શાહ |
| | | ઉપનેતા | કેની શાહ |

**બોર્ડના પરિણામ :**

માર્ચ ૨૦૦૭માં લેવાયેલ એચ.એસ.સી.વિજ્ઞાન પ્રવાહનું શાળાનું પરિણામ ૯૭ % આવ્યું છે. એચ.એસ.સી. સામાન્ય પ્રવાહનું પરિણામ ૧૦૦ % આવ્યું છે. અને ન્યુ એસ.એસ.સી.નું શાળાનું પરિણામ ૧૦૦ % આવ્યું છે.

એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં **રાવલ ઋષિત બિરેનભાઈ** અને **શાહ ચિત્રાંગ પિયુષભાઈ** કેન્દ્રમાં સાતમા સ્થાને આવ્યાં છે તથા **શાહ કક્ષા ભગીરથભાઈ** કેન્દ્રમાં આઠમા સ્થાને આવ્યા છે તે માટે તેમને ખૂબ ધન્યવાદ.

એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં શાળાના વિદ્યાર્થી **મહેતા રવિશ સુરેશભાઈ** કેન્દ્રમાં પ્રથમ ક્રમે તથા બોર્ડમાં ચોથા ક્રમે આવ્યા છે. તે બદલ ખૂબ ધન્યવાદ.

**ઈનામો :**

શાળામાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનોને ઈનામ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

(૧) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં પ્રથમ આવનાર **ટંકશાળી કિર્તન વિજયભાઈ**ને સ્વ.કલ્યાણભાઈ ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫ મળે છે.

(૨) એચ.એસ.સી.વિજ્ઞાન પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **રાવલ ઋષિત બિરેનભાઈ** અને **શાહ ચિત્રાંગ પિયુષભાઈ**ને સ્વ.પન્નાબેન ગાંધીના સ્મરણાર્થે રૂ.૧૨૫/- નું ઈનામ મળે છે.

(૩) એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **મહેતા રવિશ સુરેશભાઈ**ને સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫/- મળે છે.

(૪) ન્યુ એસ.એસ.સી.,એચ.એસ.સી.વિજ્ઞાનપ્રવાહ અને એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં બહેનોમાં પ્રથમ આવનાર નીચેની વિદ્યાર્થિનીઓને સ્વ.તનુમતીબેન પટેલના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૦૧/- મળે છે.

| | | |
|---|---|---|
| (૧) | ન્યુ એસ.એસ.સી. | દેસાઈ ભાગ્યશ્રી બિરેનભાઈ |
| (૨) | એચ.એસ.સી. વિ. પ્ર. | શાહ કક્ષા ભગીરથભાઈ |
| (૩) | એચ.એસ.સી.સા.પ્ર. | શાહ જુઈ અજીતભાઈ |

(૫) ન્યુ એસ.એસ.સી. શાળામાં સંસ્કૃત વિષયમાં પ્રથમ આવનાર **દેસાઈ ભાગ્યશ્રી બિરેનભાઈ**ને ઈનામ રૂ.૧૨૫/- તથા દ્વિતીય આવનાર **ટંકશાળી કિર્તન વિજયભાઈ તથા પંચાલ અચ્યુત યોગેશભાઈ**ને રૂ.૧૦૧/-ના ઈનામો સ્વ.વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે મળે છે.

(૬) ન્યુ એસ.એસ.સી.માં ગણિત વિજ્ઞાનમાં કુલ માર્કસમાં શાળામાં સૌથી વધુ માર્કસ મેળવનાર **ટંકશાળી કિર્તન વિજયભાઈ**ને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈનાં સ્મરણાર્થે રૂ.૧૦૧/- નું ઈનામ મળે છે.

(૭) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં અંગ્રેજીમાં સૌથી વધુ ગુણ મેળવનાર **ટંકશાળી કિર્તન વિજયભાઈ**ને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ.૧૦૧/- નું ઈનામ મળે છે.

(૮) એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં બીઝનેસ એડમિનિસ્ટ્રેશન વિષયમાં પ્રથમ આવનાર **શાહ રાહીઆશિષભાઈ**ને રૂ.૧૨૫/- તથા **ત્રિવેદી રાજ અશ્વિનભાઈ**ને રૂ.૧૦૧/- નું ઈનામ સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે મળે છે.

(૯) એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહમાં ઈજનેરીના મેરીટ લીસ્ટમાં પ્રથમ આવનાર **શાહ ચિત્રાંગ પિયુષભાઈ**ને રૂ.૧૦૧/- તથા મેડીકલના મેરીટ લીસ્ટમાં પ્રથમ આવનાર **શાહ કક્ષા ભગીરથભાઈ**ને રૂ.૧૦૧/-ના ઈનામ સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે મળે છે.

(૧૦) લલિતકલા ક્ષેત્રે આગવી સિધ્ધિ બદલ સ્વ.કાશીબેન વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે **મહેતા રિધ્ધિ**ને પ્રથમ ઈનામ રૂ. ૧૨૫/- અને દ્વિતીય ઈનામ **સંઘાણી દેવાંશી**ને રૂ.૧૦૧/- મળે છે.

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.**

## એકલવ્ય સ્કોલરશીપ

એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી ધો.૮,૯,૧૦ અને ૧૧નાં બંને પ્રવાહમાં બેનોમાં પ્રથમ આવનારને ઉપરોક્ત સ્કોલરશીપ આપવામાં આવે છે. જેમાં નીચેની વિદ્યાર્થિનીઓને આ એકલવ્ય સ્કોલરશીપ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

| | | |
|---|---|---|
| (૧) | ત્રિવેદી વિધિ મહેશભાઈ | ધો.૮ |
| (૨) | તલાટી હેમલ સુકેતુભાઈ | ધો.૯ |
| (૩) | દેસાઈ ભાગ્યશ્રી બિરેનભાઈ | ધો.૧૦ |
| (૪) | ઠક્કર નિધિ ભરતકુમાર | ધો.૧૧ સા.પ્ર. |
| (૫) | તલાટી કોમલ સુકેતુભાઈ | ધો.૧૧ વિ.પ્ર. |

★★★

મોટેરાંઓ બાળકને ચાહે છે ખરાં,પણ ઓળખતાં નથી. કોઈને એમ કહેવું કે તમે તમારા બાળકને ઓળખતા નથી એ હસવા જેવું લાગશે,પણ હસવા જેવી વાત સાચી છે. બાળક અજ્ઞાન છે, બાળક અબૂધ છે, બાળક મૂર્ખ હોય,બાળક માથાકૂટ કરાવે,કચકચિયું હોય, બાળકથી કશું ન થાય, બાળક ભાંગી નાખે, ફોડી નાખે -આવા અનેક ખોટા ખ્યાલો બાળક વિશે બધે જોવામાં આવે છે. આ બધા ખ્યાલો બાળકને અનુકૂળ બનવાની મોટેરાંઓની અણઆવડત અને અજ્ઞાનમાંથી પેદા થાય છે.**- હરભાઈ ત્રિવેદી**

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ :

૧૯૫૭માં શારદામંદિરમાંથી એસ.એસ.સી. થયેલા વિદ્યાર્થીઓને આ વર્ષે ૫૦ વર્ષ પૂરા થતા હોઈ ભાઈ નૈશધે પોતાના મિત્રો પાસે પ્રસ્તાવ મૂક્યો કે આ ૫૦ વર્ષ પૂરા થાય છે તે અંગે એક સ્નેહમિલન ગોઠવીએ. સૌ સહાધ્યાયીઓએ આ વિચાર વધાવી લીધો અને તા.૨૪-૫-૦૭નાં રોજ આ સ્નેહમિલનનું આયોજન થયું જેમાં અમદાવાદમાં જે સહાધ્યાયીઓ હતાં તે સૌ આ સ્નેહમિલનમાં ઉપસ્થિત થયાં. એટલું જ નહિ પોતાના ભૂતપૂર્વ શિક્ષકોમાં જે ઉપસ્થિત રહી શકે તેમ હતાં તેવા શ્રી દિનુભાઈ અને શ્રી સુરેન્દ્રભાઈને નિમંત્રણ આપી શાલ ઓઢાડી સન્માન કર્યું તેમજ જે શિક્ષકો અવસાન પામ્યાં હતાં તેમની પણ યાદ તાજી કરી.

વખતોવખત મળવા ઉપરાંત ૫૦ વર્ષ પૂરા થતાં આ સ્નેહમિલન સૌને માટે એક સ્નેહભર્યું સંભારણું બની ગયું કારણકે જે સહાધ્યાયીઓ ઉપસ્થિત રહી શકયા ન હતા તેઓને સૌ વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ યાદ કરીને સ્મૃતિ તાજી કરી.

## અભિનંદન

**ચેસ :** ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન દ્વારા વડોદરા ખાતે યોજાયેલ અંડર-૧૧ બોયઝ સ્પર્ધામાં ચિ.કર્મ પંડયાએ ચેમ્પિયન બની ટાઈટલ મેળવ્યું છે.અને હવે કાલિકટ ખાતે યોજાનાર આગામી ઓકટોબર મહિનામાં નેશનલ અંડર-૧૧ માં ગુજરાતનું નેતૃત્વ કરશે.

ઓરિએનટ કલબ ખાતે યોજાયેલ જૂન મહિનામાં ઓપન ગુજરાતમાં સિનિયરમાં ચેમ્પીયન બની રૂ.૭૦૦ નું રોકડ ઈનામ તથા ટ્રોફી મેળવી છે.

એલિસબ્રીજ જીમખાના ખાતે ૨૩ અને ૨૪ મી જૂન દરમ્યાન યોજાયેલ ઓપન રેપિડ સ્પર્ધામાં અંડર-૧ની ચેમ્પીયનશીપ તથા રૂ.૩૦૦ રોકડ તેમજ ટ્રોફી મેળવી છે.

ગુજરાતહોર્ટીકલ્ચર એસોસીએશન આયોજીત રંગોળી સ્પર્ધામાં જાની રાહિલને પ્રથમ ઈનામ મળ્યું છે.

★★★

ઈશ્વરની સૃષ્ટિમાં બાળક એક અદ્‌ભૂત નિર્દોષ સર્જન છે. આપણે તેની સમક્ષ માનપૂર્વક ઊભા રહી, તેના વિકાસના ક્રમને ઓળખીને તેને અનુકૂળતા કરી આપીએ.

**- ગિજુભાઈ**

'બાળક' એ માનવીની ભાષાનો સૌથી વધુ નિર્દોષ શબ્દ છે. માનવજાત પ્રત્યે કેવી નિર્દોષતાની ઈશ્વરની અપેક્ષા છે એ એણે બાળકનું સર્જન કરીને બતાવ્યું છે. માનવીને પજવી રહેલાં બધાં અનિષ્ટોથી બાળક મુક્ત હોય છે. એની આંખોમાં વિસ્મય છે, એના ચહેરા પર હાસ્ય છે. રુદન પણ બાળકને આગવું સૌંદર્ય બક્ષે છે. રુદનવાળી આંખો કોરી થાય તે પહેલાં હોઠ પર સ્મિતની ભીનાશ પ્રગટી શકે છે. બાળક એ ઈશ્વરના વિકલ્પે પુજી શકાય તેવું પાત્ર છે. એટલે બાળક સમક્ષ ઊભાં રહેવામાં લાયકાતનો ખપ પડે છે. બાળક સાથે યોગ્ય રીતે વર્તતાં આપણને ઓછું આવડે છે.

**-સંકલન**

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda1924@rediffmail.com
shardamandir1924@yahoo.com
Fax : (079) 26622480